રજૂ તારીખ : ૦૫/૧૨/૨૦૨૨
દાખલ તારીખ : ૦૫/૧૨/૨૦૨૨
નિકાલ તારીખ : ૦૬/૦૭/૨૦૨૩
અવધિ : વર્ષ માસ દિવસ

**આંક :**

**ભાવનગર જિલ્લાના સત્ર ન્યાયાધીશની કોર્ટમાં, મુકામ ભાવનગર.**

**સેશન્સ કેસ નં.૧૫૨/૨૦૨૨**

ફરિયાદી : **શ્રી સરકાર.**

**વિરુધ્ધ.**

આરોપીઓ : **૧. હારુનભાઈ અવેશભાઈ કટીયા/મિયાણા,**
ઉ.વ.૨૨, ધંધો : વેપાર,
રહે.કુંભારવાડા નારી રોડ,
મહેક સ્કુલની સામે, મકાન નં.૪૧૨ ની બાજુમાં,
મફતનગર, ભાવનગર.

**૨. સુનીલભાઈ ઉર્ફે સુનીયો કાંતીભાઈ મકવાણા/કોળી,**
ઉ.વ.૨૭, ધંધો : હીરાકામ,
રહે.કુંભારવાડા નારી રોડ,
લાલ કારખાનાવાળો ખાંચો,
રામાપીરના મંદીર પાસે, ભાવનગર.

**૩. તૌફીક અફઝલભાઈ સૈયદ/કાદરી,**
ઉ.વ.૨૨, ધંધો : ફર્નીચાર,
રહે.કુંભારવાડા નારી રોડ, ગુજરાત હાઉસીંગ બોર્ડ,
અબ્બાસભાઈની દુકાન પાસે, રૂમ નં.૩૪૭,
ભાવનગર.

૪. **આકાશભાઈ ભુપતભાઈ મકવાણા/કોળી,**
ઉ.વ.૨૨, ધંધો : મજૂરી,
રહે.કુભારવાડા નારી રોડ,
આઈ.પી.સી.એલ. કંપની પાસે,
મફતનગર, ભાવનગર.

૫. **મેહુલ ઉર્ફે રામો ઉર્ફે ભુરો ભોળાભાઈ પરમાર/કોળી,**
ઉ.વ.૨૦, ધંધો : મજૂરી,
રહે.કુંભારવાડા નારી રોડ, હલીમા મસ્જીદની સામે,
પ્લોટ નં.૨૭૫, ભાવનગર.

૬. **સતીષભાઈ ડાયાભાઈ ઢાપા/કોળી,**
ઉ.વ.૫૬, ધંધો : રીક્ષા ડ્રાઈવીંગ,
રહે.કુંભારવાડા નારી રોડ, ગુજરાત હાઉસીંગ બોર્ડ,
મકાન નં.૩૬૦, ભાવનગર.

સરકાર તરફે વિધ્વાન પી.પી.શ્રી એમ.આર.જોષી.
આરોપીઓ તરફે વિધ્વાન વકીલ શ્રી પી.પી.જાડેજા.

**-:: ચુકાદો ::-**

૧. આ કામના આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૯૫, ૩૨૩, ૨૯૪(ખ), ૩૫૪, ૪૨૭, ૪૫૨, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ગુના અંગેનું તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે.

૨. ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે, **ફરિયાદી મોહસીન ભરતખાન રોહીલા** અમીપરા, મધુ માળીનો ડેલો, સ્ટેશન રોડ, ભાવનગર ખાતે પરિવાર સાથે રહે છે અને ટ્રક ડ્રાઈવીંગ કરી ગુજરાન ચલાવે છે. ગઈ તા.૨/૮/૨૦૨૦ ના રાત્રીના સાડા દસેક વાગ્યાના સમયે તેઓ કુંભારવાડા ખાતરવાડી, સલીમભાઈની દુકાનવાળા ખાચામાં અંજુબેનના ઘર પાસે તેમના ભાણેજ ખલીલ હબીબાણી સાથે બેઠા

હતા તે દરમ્યાન કુંભારવાડા ખાતે રહેતા હારૂન મીયાણા તેના હાથમાં પ્લાસ્ટીકનો ધોકો લઈ તથા તેના મિત્ર આકાશ તથા સુનીયો તથા તૌફીક તમામ તેના હાથમાં લાકડાના ધોકા લઈ તેમની (ફરિયાદીની) પાસે આવી તેમને જેમફાવે તેમ ભુંડાબોલી ગાળો દેવા લાગેલ. તેમણે ગાળો દેવાની ના પાડતા હારૂન એકદમ ઉશ્કેરાઈ ગયેલો અને તેમને ડાબા પગ તથા જમણા પગ ઉપર તેના હાથમાં રહેલ પ્લાસ્ટીકનો ધોકા વતી માર મારવા લાગેલ. આ દરમ્યાન તેના મિત્ર આકાશ તેના હાથમાં લાકડાનો ધોકો લઈ તેમને પીઠના ભાગે મારી દીધેલ તથા તૌફીક તેના હાથમાં રહેલ લાકડાના ધોકાનો એક ઘા તેમના માથાના ભાગે મારી દીધેલ અને સુનીયાના હાથમાં રહેલ લાકડાના ધોકા વડે તેમને બંને હાથ ઉપર આડેધડ મારવા લાગેલ. આ મારામારી દરમ્યાન તેમના પેન્ટના ખિસ્સામાં રહેલ રોકડ રૂા.૧૦,૦૦૦/– તૌફીકે લૂંટી લીધેલ તેમજ તેમના ગળામા પહેરેલ સોનાનો ચેઈન આશરે એકાદ તોલાનો હારૂને ઝુંટવી લીધેલ. આ વખતે તેમણે દેકારો કરતા તેમનો ભાણેજ ખલીલ હબીબાણી તથા અંજુબેન વચ્ચે પડતા આ હારૂન મીયાણાએ તેના હાથમાં રહેલ પ્લાસ્ટીકનો ધોકાનો એક ઘા અંજુબેનને જમણા હાથ ઉપર મારેલ. બાદ વધુ માણસો ભેગા થઈ જતા ઉપરોકત ઈસમોએ તેઓને જતા જતા કહેલ કે હવે જો આડાઅવળા થયા તો તમોને જાનથી મારી નાખીશુ તેમ ધમકી આપી આ ચારે જણા ત્યાંથી જતા રહેલ હતા. ત્યારબાદ તેમણે ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતા ૧૦૮ એમ્બ્યુલન્સ આવી જતા

તેમને તેમાં બેસાડી ઈમરજન્સી વોર્ડમાં સારવાર માટે લઈ ગયેલ અને ત્યાં તેમની સારવાર કરી તેમને વધુ સારવારમાંથી રજા આપતા તેઓ તેમના ઘરે ચાલ્યા ગયેલ અને આજરોજ તેઓ તથા તેમનો ભાઈ ઈમરાન તથા ભાણેજ ખલીલ હબીબાણી સાથે અહીં બોરતળાવ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ કરવા આવેલ છે. આ ફરિયાદ મોડી કરવાનું કારણ એવુ છે કે, તેમને માથાના ભાગે મુંઢ ઈજા થયેલ હોય ચકકર આવતા હોય તેઓ દવાખાને સારવાર કરાવી સીધો ઘરે જતા રહેલ અને આજરોજ તેમને સારુ લાગતા ફરિયાદ કરવા માટે આવેલ છે.

આ બનાવનું કારણ એવુ છે કે, આ અંજુબેનના ઘર પાસે તેઓ અવારનવાર બેસવા જતા હોય જેથી આ અંજુબેન સાથે તેમને આડો સબંધ હોવાનું વહેમ ખાઈ, શંકા કરી તેમને તથા અંજુબેનને ધોકા વડે મુંઢમાર મારી તેમના ખિસ્સામાં રહેલ રોકડ રૂા.૧૦,૦૦૦/– તેમજ સોનાની ચેઈન આશરે એકાદ તોલાની કિંમત રૂા.૩૦,૦૦૦/– ની લૂંટ કરી ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય ઉપરોકત ચારે ઈસમો સામે ધોરણસર થવા ફરિયાદ છે.

આ મતલબના બનાવ સબબની ફરિયાદીએ તા.૪/૮/૨૦૨૦ ના રોજ ફરિયાદ બોરતળાવ પો.સ્ટે.ના પો.ઈ. શ્રી કે.એમ.રાવલ સમક્ષ નોંધાવતા ઉપરોકત ફરિયાદના આધારે ગુનો નોંધ્યા બાદ તપાસના અંતે હાલના આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોવાનું જણાતા ભાવનગરના

વિધ્વાન ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટની અદાલતમાં ઉપરોકત ગુનાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

૩. સદર કામે આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની તેમજ આરોપીઓને બચાવ માટે સરકારી વકીલની જરૂર છે કે કેમ? તેવી ખાતરી કરતાં આરોપીઓએ પોતાના ખર્ચે વકીલ રોકેલ હોવાનું જણાય છે. ત્યારબાદ સદર ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ફકત સેશન્સ અદાલતને હોય, ભાવનગરના વિધ્વાન ચીફ જયુડિશીયલ મેજિસ્ટ્રેટ ધ્વારા ક્રિ.પ્રો.કો.ક.૨૦૯ અન્વયે આ કેસ સેશન્સ અદાલતને કમીટ કરેલ છે. ત્યારબાદ આ સેશન્સ કેસની સુનાવણી સેશન્સ અદાલત મારફત હાથ ધરવામાં આવેલ છે.

૪. ત્યારબાદ અત્રેની અદાલત ધ્વારા આ કામના આરોપીઓ વિરુધ્ધ **આંક ૬** થી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૯૫, ૩૨૩, ૨૯૪(ખ), ૩૫૪, ૪૨૭, ૪૫૨, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવી, આરોપીઓનો અનુક્રમે **આંક ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨** થી જવાબ લેતાં, આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતાં આરોપીઓ વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ જેમાં ફરિયાદ પક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>:–**

| સાહેદ નંબર | સાહેદનું નામ | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ફરિયાદી મહોસીનખાન ભરતખાન રોહીલા | ૧૨ |
| ૨ | પંચ વીપુલભાઈ રમણીકભાઈ ગોહેલ | ૧૪ |
| ૩ | પંચ પ્રવીણ સિંહ લાલજીભાઈ સીંધા | ૧૬ |
| ૪ | પંચ કરીમભાઈ રહીમભાઈ શાહ | ૧૭ |
| ૫ | પંચ રફીકભાઈ સતારભાઈ પઠાણ | ૨૧ |
| ૬ | ડો.ફસીહા મજીદભાઈ આકબાણી | ૨૨ |
| ૭ | સાહેદ અંજુબેન લક્ષ્મણભાઈ ચૌહાણ | ૨૫ |
| ૮ | સાહેદ આરતીબેન બીપીનભાઈ ડાભી | ૨૬ |
| ૯ | સાહેદ બીપીનભાઈ દેવજીભાઈ ડાભી | ૨૮ |
| ૧૦ | સાહેદ ધીરાભાઈ હરજીભાઈ સોલંકી | ૩૦ |
| ૧૧ | પી.એસ.ઓ. લાલજીભાઈ ચીથરભાઈ ચુડાસમા | ૩૧ |
| ૧૨ | ત.ક.અ. કેવલ માર્કન્ડરાય રાવલ | ૩૫ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>:–**

| ક્રમ | દસ્તાવેજનો પ્રકાર | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૧૩ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૫ |
| ૩ | આરોપીનું અટક પંચનામું | ૧૮ |
| ૪ | પંચ સ્લીપ | ૧૯, ૨૦ |
| ૫ | મોહસીનખાનનું સારવાર સર્ટીફીકેટ | ૨૩ |
| ૬ | મોહસીનખાનના મેડીકલ કેસપેપર્સ | ૨૪ |

| | | |
|---|---|---|
| ૭ | ગુનો રજીસ્ટર કરવા બાબતની યાદી | ૩૨ |
| ૮ | સ્ટેશન ડાયરીની નકલ | ૩૩ |
| ૯ | ફેકસ મેસેજ | ૩૪ |
| ૧૦ | ફરિયાદી તથા સાહેદના સી.આર.પી.સી. કલમ ૧૬૪ મુજબ નિવેદન લેવા બાબતની યાદી | ૩૬ |
| ૧૧ | હથિયારબંધીનું જાહેરનામું | ૩૭ |
| ૧૨ | એફ.આઈ.આર.માં કલમનો ઉમેરો કરવાનો રીપોર્ટ | ૩૮ |

૫. ઉપર મુજબનો પુરાવો લીધા બાદ, ક્રિ.પ્રો.કો.ક.૩૧૩ હેઠળ આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ ફરિયાદ પક્ષે રજુ થયેલ પુરાવાનો ઈન્કાર કરી તેઓ નિર્દોષ હોવાનું તેમજ અવાંતર હેતુથી તેમને ખોટી રીતે ગુનામાં સંડોવી દીધેલાનું જણાવેલ છે.

૬. સબબ આ કામે સરકાર તરફે વિધ્વાન પી.પી. શ્રી એમ.આર.જોષીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. તેમના ધ્વારા કરવામા આવેલ દલીલનો સાંરાશ જોઈએ તો રેકર્ડ પર ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવો જોતા આરોપીઓએ ફરિયાદી મહોસીનખાન તથા સાહેદ અંજુબેનને ધોકા વડે મુંઢ માર મારી, ફરિયાદીના ખિસ્સામાં રહેલ રોકડ રૂા.૧૦,૦૦૦/– તેમજ સોનાની ચેઈનની લૂંટ કરી, ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી સદર ગુનામાં એકબીજાને મદદગારી કરેલાનું ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ પુરાવાથી સાબિત થતુ હોય ફરિયાદ પક્ષે પોતાનો

કેસ નિ:શંકપણે પુરવાર કરેલ હોય આરોપીઓને કાયદામાં ફરમાવેલ મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

૭. આ કામે આરોપીઓ તરફે વિ.વ.શ્રી પી.પી.જાડેજાની વિધ્વતાભરી દલીલો સાંભળવામાં આવેલ છે. તેમના તરફે કરવામાં આવેલી દલીલનો સાંરાશ જોઈએ તો ફરિયાદ પક્ષના કેસને ખુદ ભોગ બનનાર ફરિયાદી મહોસીનખાન તથા સાહેદ અંજુબેન તથા બનાવ નજરે જોનાર સાહેદોએ લેશમાત્ર સમર્થન આપેલ નથી, પંચનામાના પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. તે સંજોગોમાં માત્ર તપાસ કરનાર અમલદારના પુરાવાના આધારે આરોપીઓને તેમની સામેના આક્ષેપો સાથે સાંકળી તકસીરવાન ઠરાવી શકાય નહિ. આમ, ફરિયાદ પક્ષ આરોપીઓ સામેના આક્ષેપો પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

૮. ઉપરોકત સંજોગોમાં, આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૨/૮/૨૦૨૦ ના કલાક ૨૨:૩૦ દરમ્યાન આ કામના ફરિયાદી મોહસીન ભરતખાન રોહીલા તથા સાહેદ ખલીલ હબીબાણી સાહેદ અંજુબેનના ઘરે બેસેલ હતા દરમ્યાન આરોપી નં.૨ નાંએ સાહેદ અંજુબેનના ઘર પાસે મોટરસાઈકલ ઉભુ રાખતા સાહેદ અંજુબેને અહીં ગાડી કેમ ઉભી રાખી છે તેમ ઠપકો આપતા આરોપી નં.૨ નાંઓ ઉશ્કેરાઈ જઈ સાહેદ અંજુબેન તથા તેની દીકરી આરતીબેનને ગાળો આપી જતા રહેલ. બાદ આરોપી નં.૧ થી

૬ નાંઓએ ભેગા મળી હથિયારો સાથે સાહેદ અંજુબેનના ઘરે આવી જેમફાવે તેમ ભુંડાબોલી ગાળો દેવા લાગેલ, જેથી ફરિયાદીએ આરોપીઓને ગાળો દેવાની ના પાડતા આરોપી નં.૧ નાંએ એકદમ ઉશ્કેરાઈ જઈ ફરિયાદીના ડાબા તથા જમણા પગ ઉપર પ્લાસ્ટીકના ધોકા વતી માર મારી તેમજ આરોપી નં.૪ નાંએ પોતાના હાથમાં રહેલ લાકડાના ધોકા વડે ફરિયાદીને પીઠના ભાગે મારી તેમજ આરોપી નં.૩ નાંએ પોતાના હાથમાં રહેલ લાકડાના ધોકાનો એક ઘા ફરિયાદીના માથાના ભાગે મારી તેમજ આરોપી નં.ર નાંએ ફરિયાદીને બંને હાથ ઉપર આડેધડ લોખંડના પાઈપ વતી માર મારી, આ મારામારી દરમ્યાન ફરિયાદીના પેન્ટના ખિસ્સામાં રહેલ રોકડ રૂા.૧૦,૦૦૦/- આરોપી નં.૩ નાંએ લૂંટી લીધેલ તેમજ ફરિયાદીએ ગળામાં પહેરેલ સોનાનો ચેઈન આશરે એકાદ તોલાનો આરોપી નં.૧ નાંએ ઝુંટવી લીધેલ તેમજ આરોપી નં.૪ થી ૬ નાંએ ફરિયાદીને જેમફાવે તેમ લાકડાના ધોકાઓ વડે માર મારી તેમજ આરોપી નં.૧,ર,૪,૫ નાંએ સાહેદ અંજુબેનનાં ઘરમાં ઘુસી ટીવી, ફ્રીજને નુકસાન કરી તેમજ આરોપી નં.૧ નાંએ સાહેદ અંજુબેનની લાજ લેવાના ઈરાદે તેના ઉપર હુમલો કરી હાથ ઉપર ઈજા કરી તેનું બ્લાઉઝ ફાડી નાખી તેની આબરુ લેવાનો પ્રયાસ કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી, આરોપીઓએ સદર ગુનામાં એકબીજાને મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૯૫, ૩ર૩, ર૯૪(ખ), ૩૫૪, ૪ર૭, ૪૫ર, ૫૦૪, ૫૦૬(ર) તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

ર. શું હુકમ ?

૯. ઉપરોકત મુદ્દા પરત્વે મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

## -:: કા ર ણો ::-

**મુદ્દા નં.૧ :-**

૧૦. આ કામે મુખ્યત્વે ફરિયાદ પક્ષનો કેસ જોવામાં આવે તો એ મતલબનો છે કે, તા.૨/૮/૨૦૨૦ ના કલાક ૨૨:૩૦ દરમ્યાન આ કામના ફરિયાદી મોહસીન ભરતખાન રોહીલા તથા સાહેદ ખલીલ હબીબાણી સાહેદ અંજુબેનના ઘરે બેસેલ હતા દરમ્યાન આરોપી નં.ર નાંએ સાહેદ અંજુબેનના ઘર પાસે મોટરસાઈકલ ઉભુ રાખતા સાહેદ અંજુબેને અહીં ગાડી કેમ ઉભી રાખી છે તેમ ઠપકો આપતા આરોપી નં.ર નાંઓ ઉશ્કેરાઈ જઈ સાહેદ અંજુબેન તથા તેની દીકરી આરતીબેનને ગાળો આપી જતા રહેલ. બાદ આરોપી નં.૧ થી ૬ નાંઓએ ભેગા મળી હથિયારો સાથે સાહેદ અંજુબેનના ઘરે આવી જેમફાવે તેમ ભુંડાબોલી ગાળો દેવા લાગેલ, જેથી ફરિયાદીએ આરોપીઓને ગાળો દેવાની ના પાડતા આરોપી નં.૧ નાંએ એકદમ ઉશ્કેરાઈ જઈ ફરિયાદીના ડાબા તથા જમણા પગ ઉપર પ્લાસ્ટીકના ધોકા વતી માર મારી તેમજ આરોપી નં.૪ નાંએ પોતાના હાથમાં રહેલ લાકડાના ધોકા વડે ફરિયાદીને પીઠના ભાગે મારી તેમજ આરોપી નં.૩ નાંએ પોતાના હાથમાં રહેલ લાકડાના ધોકાનો એક ઘા ફરિયાદીના માથાના ભાગે મારી તેમજ આરોપી નં.ર નાંએ ફરિયાદીને બંને હાથ

ઉપર આડેધડ લોખંડના પાઈપ વતી માર મારી, આ મારામારી દરમ્યાન ફરિયાદીના પેન્ટના ખિસ્સામાં રહેલ રોકડ રૂા.૧૦,૦૦૦/- આરોપી નં.૩ નાંએ લૂંટી લીધેલ તેમજ ફરિયાદીએ ગળામાં પહેરેલ સોનાનો ચેઈન આશરે એકાદ તોલાનો આરોપી નં.૧ નાંએ ઝુંટવી લીધેલ તેમજ આરોપી નં.૪ થી ૬ નાંએ ફરિયાદીને જેમફાવે તેમ લાકડાના ધોકાઓ વડે માર મારી તેમજ આરોપી નં.૧,૨,૪,૫ નાંએ સાહેદ અંજુબેનનાં ઘરમાં ઘુસી ટીવી, ફ્રીજને નુકસાન કરી તેમજ આરોપી નં.૧ નાંએ સાહેદ અંજુબેનની લાજ લેવાના ઈરાદે તેના ઉપર હુમલો કરી હાથ ઉપર ઈજા કરી તેનું બ્લાઉઝ ફાડી નાખી તેની આબરુ લેવાનો પ્રયાસ કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી, આરોપીઓએ સદર ગુનામાં એકબીજાને મદદગારી કરેલ અને તે અન્વય અદાલત ધ્વારા **આંક ૬** થી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૯૫, ૩૨૩, ૨૯૪(ખ), ૩૫૪, ૪૨૭, ૪૫૨, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને તે તહોમતનામું પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફથી કુલ ૧૨ સાહેદોને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.

**<u>ફરિયાદીનો પુરાવો :-</u>**

૧૧. ફરિયાદ પક્ષ તરફે **આંક ૧૨ થી ફરિયાદી મહોસીનખાન ભરતખાન રોહીલાને** તપાસવામા આવેલ છે. તેઓએ પોતે ફરિયાદ આપેલ હોવાનું જણાવી ફરિયાદ ઓળખી બતાવતા **આંક ૧૩** થી રેકર્ડ પર લેવામા આવેલ છે. તેમનો પુરાવો ધ્યાને લેતા બનાવ

આશરે બે વર્ષ પહેલા બનેલો. તે દિવસે લગભગ ૨૦ તારીખ હતી. બનાવ આશરે સાડા સાત થી આઠ વચ્ચે રાત્રીના સમયે બનેલો. તે સમયે તેઓ કુંભારવાડા ખાતરવાડી વિસ્તારમા આવેલ સલીમભાઈની દુકાન પાસે બેઠા હતા. **તેમના ભાણેજનું નામ ખલીલ હબીબાણી છે. તેમનો ભાણેજ અંજુબેનના ઘર પાસે ગયેલ હતો. તે સમયે હારુનભાઈ સાથે ગાળો બોલવાની માથાકુટ થયેલી અને અંદરોઅંદર બૈરાઓને ધકકામુકકી થયેલી અને તેઓ પડી ગયેલ તેથી તેમને વાગેલુ. આ સિવાય બીજા કોઈને વાગેલુ નહી.**

વધુમાં ફરિયાદી જણાવે છે કે, આ બનાવમાં ચાર–પાંચ છોકરાઓ હતા. આ બનાવમા જે છોકરાઓ હતા તેને તેઓ જોયે ઓળખી શકે. આજરોજ આ વ્યકિતઓ કોર્ટમાં હાજર છે. જેમા હારુનભાઈ, સુનિલભાઈ, બીજાનું નામ હાલ તેમને યાદ નથી. આ છોકરાઓના હાથમા કાંઈ ન હતુ. તેમણે કોઈના હાથમા હથિયાર જોયેલ હોય તેવુ બનેલ નથી.

વધુમાં ફરિયાદી જણાવે છે કે, તેમને ઈજા થતાં તેઓ દવાખાને સારવાર માટે ગયેલ અને બીજા દિવસે તેઓ બોરતળાવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા ગયેલ. ફરિયાદ કરવા એકલો ગયેલ અને તેમની સાથે તેમનો ભાણેજ ખલીલ હબીબાણી હતો. ફરિયાદ આપ્યા બાદ તેમની કોઈ વિશેષ પુછપરછ પોલીસ દ્વારા કરવામાં આવેલી નહીં. તેવુ પણ બનેલ નહીં કે ફરિયાદ પાછી ખેંચી લેવા માટે કોઈ માથાકુટ થયેલી હોય.

આમ, ફરિયાદીએ પોતાની આંક ૧૩ ની ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન નહિ આપતા એ.પી.પી.શ્રીની વિનંતીથી તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી તેમની વિગતવાર ઉલટ તપાસ કરતા તેઓ કબુલ રાખે છે કે, તેમણે તેમની ફરિયાદમાં હારુનમીયા તેના હાથમાં પ્લાસ્ટીકનો ધોકો લઈ તથા તેના મિત્ર આકાશ તથા સુનિયો તથા તૌફીક રહે.ભાવનગરવાળા તમામ તેમના હાથમા લાકડાના ધોકા લઈ મારી પાસે આવેલ. તેઓ કબુલ રાખે છે કે તેમણે તેમની ફરિયાદમાં એવુ પણ લખાવેલ છે કે, મેં ગાળો દેવાની ના પાડતા આ હારુન એકદમ ઉશ્કેરાઈ ગયેલો અને મને ડાબા પગ તથા જમણા પગ ઉપર તેના હાથમાં રહેલ પ્લાસ્ટીકના ધોકા વતી માર મારવા લાગેલો. તેઓ કબુલ રાખે છે કે તેનો મિત્ર આકાશ તેના હાથમા લાકડાનો ધોકો લઈ મને પેટના ભાગે મારી દીધેલ તેવુ પણ તેમણે ફરિયાદમાં લખાવેલ છે. તેઓ કબુલ રાખે છે કે આ તૌફીકે તેના હાથમાં રહેલ લાકડાના ધોકાનો એક ઘા મારા માથાના ભાગે મારી દીધેલ તથા સુનિયાના હાથમા રહેલ લાકડાના ધોકા વડે મને બંને હાથ ઉપર આડેધડ મારવા લાગેલ એવુ પણ ફરિયાદમાં લખાવેલ છે. તેઓ કબુલ રાખે છે કે, આ દરમ્યાન મારા પેન્ટના ખિસ્સામા રહેલ રૂપિયા ૧૦,૦૦૦/– તૌફીકે લૂંટી લીધેલ તેવુ પણ ફરિયાદમાં લખાવેલ છે. તેઓ કબુલ રાખે છે કે, આ તૌફીક અને આકાશ પણ આજરોજ કોર્ટમાં હાજર છે.

તેઓ કબુલ રાખે છે કે, પોલીસે તેમની વિશેષ પુછપરછ કરેલી તે સમયે હારુનનો ભાઈ હનીફ, સતિષ અને સુનિલ ઉર્ફે ચુનો આ અંજુબેનના ઘરે જઈ મેં ફરિયાદ કરેલ હોય તે પાછી ખેંચી લેવા બાબતે ઝઘડો કરતા અંજુબેને બોરતળાવ પોલીસ સ્ટેશનમા ફરિયાદ આપેલ છે તેવુ જણાવેલુ. તેઓ કબુલ રાખે છે કે, કુંભારવાડામા પગ મુકયો તો જોવા જેવી થશે તેમ ફોન કરી ધમકી આપેલ હોવાની હકીકત તેમણે પોલીસમાં લખાવેલી.

તેમને મુદ્દામાલ ધોકા બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે નહિ.

ફરિયાદીની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ કબુલ રાખે છે કે, તેમને લખતા વાંચતા જેવુ તેવુ આવડે છે ફકત તેમને તેમની સહી કરતા આવડે છે. તેઓ કબુલ રાખે છે કે તેમણે પોલીસ સ્ટેશનમા બૈરાઓએ જે ફરિયાદ લખાવેલી તેમા તેમણે ફકત સહી કરેલી. તેઓ કબુલ રાખે છે કે હાલના કેસમા આરોપીઓ સાથે તેમને કોઈ માથાકુટ થયેલ હોય તેવુ બનેલ નથી. હાલના આરોપીઓ પાસે કોઈ હથિયાર હોય અને તેના વડે તેમને ઈજા કરેલ હોય તેવુ બનેલ નથી. હાલના આરોપીઓમા કોઈએ તેમની પાસે રોકડા રૂપિયા લઈ લીધા હોય તેવુ બનેલ નથી. તેઓ કબુલ રાખે છે કે હાલના આરોપીઓ પૈકી તેમની સાથે ગાળાગાળી કરેલ હોય અને ઝઘડો કરેલ હોય તેવુ પણ બનેલ નથી.

તેઓ કબુલ રાખે છે કે, તેઓ જે જગ્યાએ બેઠા હતા ત્યાં બૈરા–બૈરાઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી. બનાવ રાત્રીના સમયે બનેલો અને તે સમયે અંધારુ હતુ. બનાવ સમયે ૧૦૦ થી ૧૫૦ માણસોનુ ટોળુ ભેગુ થઈ ગયેલુ હતુ. તેઓ કબુલ રાખે છે કે ટોળુ ભેગુ થતા તેઓ બૈરાઓને સમજાવવા વચ્ચે પડેલો. તે દરમ્યાન ધકકામુકકી થતા તેઓ નીચે પડી ગયેલ અને તેમને ઈજા થયેલી. તેઓ કબુલ રાખે છે કે ડોકટરને તેમણે પડી જવાથી ઈજા થયેલી છે તેવુ લખાવેલુ. તેઓ કબુલ રાખે છે કે તેઓ દવાખાનેથી સારવાર લઈ તેમના ઘરે જતો રહેલ.

તેઓ કબુલ રાખે છે કે બનાવ બાબતે તેમને કોઈની સાથે ઝઘડો કે તકરાર થયેલી ન હોય તેથી તેઓ પોલીસ સ્ટેશન ફરિયાદ કરવા ગયેલ નહી. તેઓ કબુલ રાખે છે કે બે દિવસ બાદ બૈરાઓએ તેમને પોલીસ સ્ટેશન બોલાવતા તેઓ પોલીસ સ્ટેશન ગયેલ. તેઓ કબુલ રાખે છે કે પોલીસ સ્ટેશને બૈરાઓએ જે ફરિયાદ લખાવેલી તેમા તેમણે વાંચ્યા વગર સહી કરેલી. ફરિયાદમા જણાવ્યા મુજબના બનાવ બાબતે તેઓ કાંઈ જાણતા નથી.

તેઓ કબુલ રાખે છે કે, હાલના આરોપીઓ કુંભારવાડામા રહેતા હોય તેઓ તેને ઓળખે છે. તેઓ કબુલ રાખે છે કે તેઓ આજરોજ જુબાની પોતાની સ્વૈચ્છાએ કોઈપણ જાતના દબાણ વગર આપે છે. તેઓ કબુલ રાખે છે કે ફરિયાદ કરવા બાબતે તેમને કોઈએ ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી.

ફરિયાદમા સહી કર્યા બાદ પોલીસ સ્ટેશન ગયેલો હોય અને કોઈ હકીકત જણાવેલ હોય તેવુ બનેલ નથી. ફરિયાદમા શું હકીકત લખાવેલી તે બાબતે તેમને કાંઈ ખ્યાલ નથી. બનાવ સમયે ૧૦૦–૧૫૦ લોકોનુ ટોળુ હતુ તેમાં આ કામના આરોપીઓ હાજર ન હતા. તેઓ કબુલ રાખે છે કે બનાવના દિવસે આરોપીઓને તેમણે કુંભારવાડામા જોયેલા નહી. તેઓ કબુલ રાખે છે કે ફરિયાદમાં આરોપીઓના કોઈ નામ લખાવેલા નહી.

આમ, ફરિયાદીની સમગ્ર જુબાની પરથી એવુ પ્રસ્થાપિત થાય છે કે, તેમને લખતા વાંચતા જેવુ તેવુ આવડે છે અને બૈરાઓએ પોલીસ સ્ટેશનમાં જે ફરિયાદ લખાવેલી તેમાં તેમણે ફકત સહી કરેલ છે અને હાલના આરોપીઓ પાસે કોઈ હથિયાર હોય અને તેના વડે તેમને કોઈ ઈજા કરેલ હોય તેમજ આરોપીઓમાંથી કોઈએ તેમની પાસેથી રૂપિયા લઈ લીધા હોય કે ગાળાગાળી કરેલ હોય તેવુ ફલીત થતુ નથી. તેઓ જે જગ્યાએ બેઠા હતા ત્યાં બૈરા–બૈરાઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ અને તેઓ સમજાવવા વચ્ચે પડતા ધકકામુકકી થતાં તેઓ પડી ગયેલ છે અને ડોકટરને પણ તેમણે પડી જવાથી ઈજા થયેલાનું જણાવેલ છે તેવુ પ્રસ્થાપિત થાય છે.

**<u>ભોગ બનનાર સાહેદનો પુરાવો :–</u>**

૧૨. ફરિયાદ પક્ષ તરફે **આંક ૨૫ થી સાહેદ અંજુબેન લક્ષ્મણભાઈ ચૌહાણને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેમનો પુરાવો ધ્યાને લેતા તેણી કુભારવાડા, નારી રોડ, ખાતરવાડી લાલ કારખાના

પાછળ પોતાના પતિ તથા સંતાનો સાથે રહે છે. બનાવના આશરે ચારેક વર્ષ પહેલા તેણીના પતિનું અવસાન થયેલ હતુ. તેની દિકરીના લગ્ન નિર્મળનગરમા બીપીનભાઈ ડાભી સાથે કરેલા છે.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, બનાવ કયારે બનેલો તે હાલ તેણીને યાદ નથી. આશરે ત્રણ વર્ષ જેવો સમય થયેલ છે. બનાવ સમયે તેણીના ઘર પાસે દેકારો થતા તેણી ત્યાં જોવા ગયેલ તો ધકકા મુકકી થતા તેણી પડી જતા તેણીને વાગેલુ. આ સિવાય કશું બનેલ નથી.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, એવુ બનેલ નથી કે તેણીના ઘર પાસે કોઈએ આવીને વાહન ઉભુ રાખેલ હોય અને કોઈ અપશબ્દો કહેલ હોય કે ઘણા બધા માણસો આવીને તેઓની સાથે ઝઘડો કરી તેઓને માર મારેલ હોય. એવુ પણ બનેલ નથી કે આ વ્યકિતના તેણીએ પોલીસને નામ લખાવેલ હોય. એવુ પણ બનેલ નથી કે આ વ્યકિતઓ પાસે રહેલ હથિયારો તેણીએ પોલીસને લખાવેલ હોય. એવુ પણ બનેલ નથી કે ત્યાં કોઈ વ્યકિતના પૈસા લૂંટી લેવામાં આવેલ હોય. બનાવ મોડી રાત્રીના બનેલ હોય તેણીએ ટોળાના કોઈ માણસોને કે હથિયારોને જોયેલા નથી જેથી તેઓને તેણી જોયે ઓળખી શકે નહિ.

આમ, આ સાહેદ પોતાના પોલીસ રુબરુના નિવેદનની હકીકતને સમર્થન આપતા ન હોવાથી એ.પી.પી.શ્રીની વિનંતીથી તેમને ફરી ગયેલા જાહેર કરી તેમની ઉલટ તપાસ કરવાની

પરવાનગી આપતા તેમાં ફરિયાદ પક્ષને મદદરુપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

આ સાહેદની બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેતા તેણી કબુલ રાખે છે કે, પોલીસે ફકત તેણીનું નામ, સરનામુ ઉંમર અને કયાં રહો છો તેટલુ જ પુછેલુ તે સિવાય બીજુ કાંઈ પછેલુ નહી.

આમ, આ સાહેદના પુરાવા પરથી એવુ પ્રસ્થાપિત થાય છે કે બનાવ સમયે તેણીના ઘર પાસે દેકારો થતાં તેણી ત્યાં જોવા જતા ધકકામુકકી થતાં તેણી પડી જતા તેણીને વાગેલ છે.

**અન્ય સાહેદોનો પુરાવો :-**

૧૩. ફરિયાદ પક્ષ તરફે **આંક ૨૬ થી સાહેદ આરતીબેન બીપીનભાઈ ડાભીને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેમનો પુરાવો ધ્યાને લેતા તેણી કુંભારવાડા, નારી રોડ, ખાતરવાડી લાલ કારખાના પાછળ મમ્મી પપ્પા સાથે રહે છે. બનાવના આશરે ચારેક વર્ષ પહેલા તેણીના પિતાનુ અવસાન થયેલ હતુ. તેણીના લગ્ન નિર્મળનગરમા બીપીનભાઈ ડાભી સાથે કરેલા છે.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, બનાવ કયારે બનેલો તે હાલ તેણીને યાદ નથી. આશરે ત્રણ વર્ષ જેવો સમય થયેલ છે. બનાવ સમયે તેણીના ઘર પાસે દેકારો થતા તેણી ત્યાં જોવા ગયેલ તો ધકકા મુકકી થતા તેણી પડી જતા તેણીને વાગેલુ. આ સિવાય કશું બનેલ નથી.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, એવુ બનેલ નથી કે તેઓના ઘર પાસે કોઈએ આવીને વાહન ઉભુ રાખેલ હોય અને કોઈ અપશબ્દો કહેલ હોય કે ઘણા બધા માણસો આવીને તેઓની સાથે ઝઘડો કરી તેઓને માર મારેલ હોય. એવુ પણ બનેલ નથી કે આ વ્યકિતના તેણીએ પોલીસને નામ લખાવેલ હોય. એવુ પણ બનેલ નથી કે આ વ્યકિતઓ પાસે રહેલ હથિયારો તેણીએ પોલીસને લખાવેલ હોય. એવુ પણ બનેલ નથી કે ત્યાં કોઈ વ્યકિતના પૈસા લૂંટી લેવામાં આવેલ હોય.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, બનાવ મોડી રાત્રીના બનેલ હોય તેણીએ ટોળાના કોઈ માણસોને કે હથિયારોને જોયેલા નથી જેથી તેઓને તેણી જોયે ઓળખી શકે નહિ.

આમ, આ સાહેદ પોતાના પોલીસ રુબરુના નિવેદનની હકીકતને સમર્થન આપતા ન હોવાથી એ.પી.પી.શ્રીની વિનંતીથી તેમને ફરી ગયેલા જાહેર કરી તેમની ઉલટ તપાસ કરવાની પરવાનગી આપતા તેમાં ફરિયાદ પક્ષને મદદરુપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

આ સાહેદની બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેતા તેણી કબુલ રાખે છે કે, પોલીસે ફકત તેણીનું નામ, સરનામુ ઉંમર અને કયાં રહો છો તેટલુ જ પુછેલુ તે સિવાય બીજુ કાંઈ પછેલુ નહી.

આમ, આ સાહેદના પુરાવા પરથી એવુ પ્રસ્થાપિત થાય છે કે બનાવ સમયે તેણીના ઘર પાસે દેકારો થતાં તેણી ત્યાં જોવા જતા ધકકામુકકી થતાં તેણી પડી જતા તેણીને વાગેલ છે.

૧૪. ફરિયાદ પક્ષ તરફે **આંક ૨૮ થી સાહેદ બીપીનભાઈ દેવજીભાઈ ડાભીને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેમનો પુરાવો ઘ્યાને લેતા બનાવના અરસામા તેઓ કુલસર મુકામે માતા–પિતાની સાથે રહેતા હતા. બનાવ આશરે બેએક વર્ષ પહેલા બનેલો. બનાવ સમયે તેઓ તેમના ધંધાના સ્થળે હાજર હતા. બનાવ વિશે તેઓ કાંઈ જાણતા નથી.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, એવુ બનેલ નથી કે તેના પત્નીનો ફોન આવેલ હોય અને તેણે એવુ જણાવેલ હોય કે મારા મમ્મીના ઘર પાસે મારામારી થયેલ હોય. એવુ પણ બનેલ નથી કે તેઓને સર.ટી.હોસ્પીટલ ૧૦૮ માં લઈ ગયેલા હોય અને તેમને તેની સાથે બનાવ બાબતે વાતચીત થયેલી હોય.

આમ, આ સાહેદ પોતાના પોલીસ રુબરુના નિવેદનની હકીકતને સમર્થન આપતા ન હોવાથી એ.પી.પી.શ્રીની વિનંતીથી તેમને ફરી ગયેલા જાહેર કરી તેમની ઉલટ તપાસ કરવાની પરવાનગી આપતા તેમાં ફરિયાદ પક્ષને મદદરુપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

આ સાહેદની બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ ઘ્યાને લેતા તેઓ કબુલ રાખે છે કે, તેમને તેમની પત્ની સાથે દોઢ –બે વર્ષ પહેલા રાજીખુશીથી છુટાછેડા થઈ ગયેલ છે. પોલીસ તેમને

અવાર નવાર સહીઓ કરવા માટે પોલીસ સ્ટેશનમા બોલાવે છે. પોલીસે ફકત તેમનું નામ, સરનામુ અને ઉંમર પુછેલી, બીજુ કોઈ હકીકત પુછેલી નહી કે તેમણે જણાવેલી નહી. બનાવ વિશે તેઓ કોઈ હકીકત જાણતા નથી.

આમ, આ સાહેદના પુરાવા પરથી બનાવ અંગે તેમને કોઈ અંગત જાતમાહિતી હોય તેવુ પ્રસ્થાપિત થતુ નથી.

૧૫. ફરિયાદ પક્ષ તરફે **આંક ૩૦ થી સાહેદ ધીરાભાઈ હરજીભાઈ સોલંકીને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેમનો પુરાવો ધ્યાને લેતા બનાવ કઈ તારીખે બનેલો તે હાલ તેમને યાદ નથી. બનાવના દિવસે તેઓ કુંભારવાડા સર્કલે માલ લેવા માટે જતા હતા. વધુમાં આ સાહેદ જણાવે છે કે, એવુ બનેલ નથી કે તેઓ રાત્રીના સમયે પોતાના ઘરે હાજર હોય અને તે સમયે તેમના બેનના ઘર પાસે ઝઘડો થયેલ હોય અને તેઓ ત્યાં ગયેલ હોય અને તેમણે બનાવ નજરે જોયેલ હોય. એવુ પણ બનેલ નથી કે તેમણે પોલીસને બનાવની વિગત લખાવેલ હોય અને હુમલો કરનાર વ્યકિતના નામ લખાવેલ હોય. પોલીસે તેમની પુછપરછ કરેલી.

આમ, આ સાહેદ પોતાના પોલીસ રુબરુના નિવેદનની હકીકતને સમર્થન આપતા ન હોવાથી એ.પી.પી.શ્રીની વિનંતીથી તેમને ફરી ગયેલા જાહેર કરી તેમની ઉલટ તપાસ કરવાની પરવાનગી આપતા તેમાં ફરિયાદ પક્ષને મદદરુપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

આ સાહેદની બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેતા તેઓ કબુલ રાખે છે કે, પોલીસે ફકત તેમનું નામ, સરનામુ, ઉંમર પુછેલી બીજી કોઈ હકીકત પુછેલી નહી. બનાવ બાબતે તેઓ કોઈ હકીકત જાણતા નથી.

આમ, આ સાહેદના પુરાવા પરથી બનાવ અંગે તેમને કોઈ અંગત જાતમાહિતી હોય તેવુ પ્રસ્થાપિત થતુ નથી.

**<u>ફરિયાદીની સારવાર કરનાર ડોકટરનો પુરાવો :-</u>**

૧૬. ફરિયાદ પક્ષ તરફે **આંક ૨૨ થી ડો.ફસીહા મજીદભાઈ આકબાણીને** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેમનો પુરાવો ધ્યાને લેતા તા.૦૨-૦૮-'૨૦ ના રોજ તેણી સર.ટી.હોસ્પીટલ, ભાવનગર ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતી હતી તે સમય દરમ્યાન સવારે ૧૧:૫૫ વાગ્યે દર્દી મોહસીનખાન ભરતખાન રોહીલાને તેમના ભાઈ ઈમરાનભાઈ લાવેલા. **દર્દીએ હીસ્ટ્રી લખાવેલ કે નવ અજાણ્યા વ્યકિતએ નારી રોડ પાસે કલાક ૧૧ વાગ્યા આસપાસ પાઈપ વડે મારેલ છે.**

વધુમાં આ સાહેદ જણાવે છે કે, દર્દીને તપાસતા તેના શરીર ઉપર નીચે મુજબની ઈજા માલુમ પડેલ. (૧) બંને પગમા બ્લન્ટ ઈન્જરી હતી. (૨) માથાના ભાગે બ્લન્ટ ઈન્જરી હતી.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, દર્દી સભાન અવસ્થામા હતા. તેમના વાઈટલ નોર્મલ હતા. આ દર્દીના એકસ-રે જોતા સામાન્ય હતા.

આ અંગેનુ તેમણે સર્ટીફીકેટ આપેલુ જેમાં પોતાના હસ્તાક્ષર તથા સહી ઓળખી બતાવી આંક ૨૩ થી સર્ટીફીકેટ તથા આંક ૨૪ થી આ દર્દીના અસલ કેસ પેપર્સ રજૂ કરેલ છે.

આ સાહેદની બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેતા તેઓ કબુલ રાખે છે કે, **દર્દીને થયેલી બંને ઈજાઓ સામાન્ય પ્રકારની હતી. આ ઈજાઓ કોઈપણ વ્યકિત બોથડ પદાર્થ સાથે અથડાય અથવા પડી જાય તો પણ સંભવી શકે તેવા પ્રકારની હતી.**

આમ, આ સાહેદના પુરાવાથી એટલી હકીકત પ્રસ્થાપિત થાય છે કે, તા.૨/૮/૨૦૨૦ ના રોજ સર ટી. હોસ્પીટલ ખાતે તેણી સમક્ષ મોહસીનખાન ભરતખાન રોહીલાને સારવાર માટે લાવેલ છે અને તેને બંને પગ તથા માથાના ભાગે બ્લન્ટ ઈન્જરી હતી અને તેણી સમક્ષ હિસ્ટ્રીમાં નવ અજાણી વ્યકિતએ નારી રોડ પાસે પાઈપ વડે મારેલાનું જણાવેલ છે.

**<u>પંચ સાહેદોનો પુરાવો :-</u>**

૧૭. ફરિયાદ પક્ષ તરફે **આંક ૧૪ થી સાહેદ વીપુલભાઈ રમણીકભાઈ ગોહેલને** તથા **આંક ૧૬ થી સાહેદ પ્રવીણસિંહ લાલજીભાઈ સીંધાને** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદર બંને પંચ સાહેદો આંક ૧૫ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદો છે. સદર બંને પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ ના હોય ફરિયાદ પક્ષ તરફે તેમને ફરી ગયેલા જાહેર કરવામાં

આવેલા છે, ત્યારબાદ કરવામાં આવેલ ઉલટતપાસમાં કોઈ ફળદાયી હકીકત બહાર લાવી શકેલ નથી.

૧૮. ફરિયાદ પક્ષ તરફે **આંક ૧૭ થી સાહેદ કરીમભાઈ રહીમભાઈ શાહને** તથા **આંક ૨૧ થી સાહેદ રફીકભાઈ સતારભાઈ પઠાણને** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદર બંને પંચ સાહેદો આંક ૨૧ વાળા આરોપીના અટક પંચનામાના પંચ સાહેદો છે. સદર બંને પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ ના હોય ફરિયાદ પક્ષ તરફે તેમને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે, ત્યારબાદ કરવામાં આવેલ ઉલટતપાસમાં કોઈ ફળદાયી હકીકત બહાર લાવી શકેલ નથી.

**<u>પી.એસ.ઓ પુરાવો :-</u>**

૧૯. ફરિયાદ પક્ષ તરફે **આંક ૩૧ થી સાહેદ લાલજીભાઈ ચીથરભાઈ ચુડાસમાને** સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેમનો પુરાવો ધ્યાને લેતા ગઈ તા.૩-૮-૨૦૨૦ ના રોજ બોરતળાવ પોલીસ સ્ટેશનમા તેમની પી.એસ.ઓ. તરીકે રાત્રીના ૨૦:૦૦ થી તા.૪-૮-૨૦૨૦ ના રોજ સવારના ૮:૦૦ સુધી ડયુટી હતી. આ દરમ્યાન તા.૦૨-૮-૨૦૨૦ ના રોજ કલાક ૨૨:૩૦ વાગ્યે કુંભારવાડા ખાતરવાડી સલીમભાઈની દુકાનના ખાંચામાં બનેલ બનાવ સંબંધે મહોસીનખાન ભરતખાન રોહીલાએ આરોપી હારુન મીયાણા વિગેરેનાઓ વિરુધ્ધ નોંધાવેલ ફરિયાદ પોલીસ ઈન્સ્પેકટર કે.એમ.રાવલનાઓએ લીધેલી. જે ફરિયાદ અન્વયે ગુનો રજીસ્ટર થવા માટે લેખિત હુકમ તેમને કરેલો. જે હુકમમાં

તેમણે નીચે ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ લેખિત હુકમથી પી.આઈ. રાવલને સોંપેલી. જે હુકમ આંક ૩૨ થી રજૂ થયેલ છે.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, સદર ફરિયાદ અન્વયે તેઓના સ્ટેશન ડાયરીમાં તા.૪–૮–૨૦૨૦ ની શરૂ રાત્રીના કલાક ૧:૩૦ વાગ્યે ગુના રજીસ્ટર નંબર ૧૫૧/૨૦૨૦ થી આઈ.પી.સી. કલમ–૩૯૪ વિગેરે મુજબનો ગુનો રજીસ્ટર કરેલો જે અંગેની તેઓની સ્ટેશન ડાયરીમા નોંધ નં.૨ થી પોતાના હસ્તાક્ષરમાં કરવામાં આવેલી જે સ્ટેશન ડાયરીની ખરી નકલ આંક ૩૩ થી રજૂ થયેલ છે.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, ગુનો રજીસ્ટર કર્યા બાદ સી.આર.પી.સી. કલમ ૧૫૭ નો રીપોર્ટ નામ.અદાલતને મોકલાવેલ અને ભારે ગુનાનો ફેકસ મેસેજ પોલીસ અધિક્ષકશ્રીને કરેલો, જે ફેકસ મેસેજ આંક–૩૪ થી રજૂ થયેલ છે. આ સિવાય તેમણે અન્ય કોઈ કામગીરી કરેલ નથી.

બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં તેઓ કબુલ રાખે છે કે, ફરિયાદવાળા બનાવ વિશે તેમને કોઈ અંગત જાત માહિતી નથી.

આ સાહેદના પુરાવા પરથી તેમણે ફરિયાદ અંગે ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ પી.આઈ. રાવલને સોંપી આપેલાનું પ્રસ્થાપિત થાય છે.

<u>**તપાસ કરનાર અમલદારોનો પુરાવો :–**</u>

૨૦. ફરિયાદ પક્ષ તરફે **આંક ૩૫ થી ત.ક.અ. કેવલ માર્કન્ડરાય રાવલને** સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેમનો પુરાવો ધ્યાને લેતા ગઈ

તા.૪–૮–૨૦૨૦ ના રોજ તેઓ બોરતળાવ પોલીસ સ્ટેશન ખાતે પી.આઈ. તરીકે ચાર્જમા હતા ત્યારે ફરિયાદી મહોસીનખાન ભરતખાન રોહીલાનાઓની તેઓના રુબરુની ફરિયાદ તેમના લખાવ્યા મુજબની લખી લઈ ફરિયાદ દાખલ થવા સારુ તેઓના પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ.ને લેખીત યાદી સાથે મોકલી આપવામાં આવેલી. બાદ તેઓના પી.એસ.ઓ.એ લેખિત હુકમથી આગળની તપાસ તેમને સોંપતા તેમણે તપાસ સંભાળી લીધેલી.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, તપાસ સંભાળ્યા બાદ બનાવવાળી જગ્યાએ જઈ બેપંચોની હાજરીમાં બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલુ આ પંચનામુ પંચોના લખાવ્યા મુજબ લખી લઈ, પંચનામુ વાંચી સંભળાવી બંને પંચોની સહીઓ લેવામાં આવેલી અને રુબરુ અમલદાર તરીકે તેમણે સહી કરેલી. આ પંચનામુ આંક–૧૫ થી રજુ છે તે જ છે જેમા તમામ સહીઓ તેઓ ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, બાદ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લેવામા આવેલા, આ નિવેદનો સાહેદોના લખાવ્યા મુજબ લખી લઈ તેઓને વાંચી સંભળાવી રુબરુ અમલદાર તરીકે તેમણે સહી કેરલી. વધુમાં આ સાહેદ જણાવે છે કે, બાદ તપાસ દરમ્યાન ફરિયાદીએ સર.ટી.હોસ્પીટલમાં સારવાર મેળવ્યાની હકીકત માલુમ પડતા ફરિયાદીની ઈજા અંગેનું સારવાર સર્ટીફીકેટ સર.ટી.હોસ્પીટલના મેડીકલ ઓફીસરશ્રી

પાસેથી મેળવી તપાસના કામે સામેલ રાખેલ. જે આ કામે આંક–૨૩ થી રજુ છે જે તે જ છે.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, તપાસ દરમ્યાન ફરિયાદી તથા સાહેદના સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબના નિવેદનો લેવડાવવા માટે તા.૬–૮–૨૦૨૦ના રોજ નામ.અદાલતને રીપોર્ટ કરેલ જેની સ્થળપ્રત કામમાં સામેલ રાખેલ જે આ કામે આંક ૩૬ થી રજૂ છે. વધુમાં આ સાહેદ જણાવે છે કે, તપાસ દરમ્યાન આરોપીને અટક કરવા માટે પુરતો પુરાવો હોય આરોપીઓ પોલીસ સ્ટેશનમા હાજર થતાં બે પંચોની રુબરુમા તા.૭–૮–૨૦ના રોજ બપોરના ૧૨:૩૦ કલાક થી ૧૪:૦૦ સુધીનુ પંચનામુ કરી આરોપીઓને પંચનામાની વિગતે અટક કરવામાં આવેલ તેમજ આરોપીઓ હથિયાર તથા મોબાઈલ રજુ કરતા જે પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ તેમ જણાવી આંક–૧૮ વાળુ જોઈ જે તે જ હોવાનું જણાવી ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, બનાવના અરસામા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથિયારબંધીનું જાહેરનામુ અમલમા હતુ જેની સ્થળ પ્રત મેળવી કાગળોમાં સામેલ રાખેલ જે આંક ૩૭ થી રજૂ થયેલ છે. આ સાહેદની જુબાની દરમ્યાન કલમ ઉમેરો કરવા કરેલ યાદી છે આંક ૩૮ થી રજૂ થયેલ છે.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, બાદ આ કામે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામ.અદાલતમા ચાર્જશીટ રજુ રાખેલુ.

આ સાહેદ આરોપીઓને તથા મુદ્દામાલને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, સાહેદ અંજુબેન લક્ષ્મણભાઈ ચૌહાણનાઓએ તેમના રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, ''ગઈ તા.૦૨–૦૮–૨૦૨૦ ના રાત્રીના સાડા દસેક વાગ્યાના સમયે હું તથા મારી દિકરી આરતી એ રીતેના અમો અમારા ઘરે હાજર હતા અને અમારા ઘરે અમારા ઓળખીતા મોહસીનભાઈ ભરતખાન રોહીલા તથા તેનો ભાણેજ ખલીલ હબીબાણી આવીને બેસેલ હતા અને અમો વ્યવહારીક વાતચીત કરતા હતા તે દરમ્યાન કુંભારવાડામા રહેતો સુનિલ ઉર્ફે સુનીયો કાંતિભાઈ મકવાણા અમારા ઘર પાસે આવી ગાડી ઉભી રાખી ત્યાં ઉભો રહેતા મેં તેને કહેલ કે તું કેમ અમારા ઘરની સામે ઉભો છો તેમ કહેતા આ સુનિલ એકદમ ઉશ્કેરાઈ જઈ મને તથા મારી દિકરી આરતીને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગતા અમારા ઘરે આવેલ મોહસીનભાઈએ તેને ગાળો દેવાની ના પાડતા તે તેની ગાડી લઈ જતો રહેલ અને થોડીવારમાં કુંભારવાડા હાઉસીંગ બોર્ડ ખાતે રહેતો હારૂન અવેશભાઈ મીયાણાને લઈને આવેલ અને તેની સાથે બીજા તેના મિત્રો આકાશ ભુપતભાઈ મકવાણા તથા તૌફીક સૈયદ તથા સતિષ ડાયાભાઈ ધાપા તથા ભુરો ઉર્ફે રામો રહે. તમામ ભાવનગરવાળા જેમાં હારુનના હાથમાં પ્લાસ્ટીકનો પાઈપ તથા સુનિલ ઉર્ફે સુનિયાના હાથમાં લોખંડનો પાઈપ તથા બાકીના હાથમાં લાકડાના ધોકા લઈ અમારાઘરની બહાર આવેલ અને આ

હારુન અમારા ઘરની અંદર આવી આ મોહસીનને કહેલ કે આપણે ભાઈજાન કહેવાય તમો બહાર આવો તેમ કહી મહોસીનને બહાર લઈ ગયેલ અને ત્યાં આ અન્ય બીજા હાજર હતા તેમાથી આ સુનિલ ઉર્ફે સુનિયો મોહસીનભાઈને જેમ ફાવે તેમ ભુંડાબોલી ગાળો દેવા લાગતા આ મોહસીનભાઈએ તેમને ગાળો દેવાની ના પાડતા આ હારુન એકદમ ઉશ્કેરાય ગયેલો અને આ મોહસીનભાઈને ડાબા પગ તથા જમણા પગ ઉપર તેના હાથમા રહેલ પ્લાસ્ટીકનો ધોકા વડે માર મારવા લાગેલ આ દરમ્યાન તેના મિત્રો આકાશ, તૌફીક, સુનિલ, સતિષ અને ભુરો ઉર્ફે રામો કે જેઓના હાથમાં લાકડાના ધોકા અને લોખંડના પાઈપ હતા તેનાથી આ મહોસીનભાઈને શરીરે જેમ ફાવે તેમ આડેધડ માર મારવા લાગતા આ દરમ્યાન મોહસીનભાઈના પેન્ટના ખીસ્સામાં રહેલ રૂા.૧૦,૦૦૦/- તૌફીકે લૂંટી લીધેલ અને તેમજ તેમના ગળામાં પહેરેલ સોનાનો ચેઈન હારુને આંચકો મારી ઝુટવી લીધેલ અને આ વખતે મહોસીનભાઈનો ભાણેજ ખલીલ હબીબાણી તથા હું અને મારી દિકરી વચ્ચે પડતા આ હારુન મીયાણાએ તેના હાથમાં રહેલ પ્લાસ્ટીકના ધોકાનો એક ઘા મારા જમણા હાથ ઉપર કોણી પાસે મારી દીધેલ અને મારી દિકરી આરતીને આ સુનિલ ઉર્ફે સુનિયાએ મોઢા ઉપર ધોલો મારી દીધેલ અને સુનિલ ઉર્ફે સુનિયો, આકાશ અને ભુરીયો ઉર્ફે રામો તથા હારુન એ રીતેના મને ગાળો બોલતા બોલતા મારા ઘરમા ઘુસી ગયેલ અને મારા ઘરમા રહેલ ફ્રીજ અને ટીવી ધોકા વડે નુકસાન કરતા હતા

તે દરમ્યાન હું ત્યાં જતા આ હારુને મારુ બાવડુ પકડી મારુ બ્લાઉઝ ફાડી નાખેલ અને મારી આબરુ લેવાનો પ્રયાસ કરતા હું દેકારો કરવા લાગતા ત્યાં અમારી શેરીમાં ઘણુ માણસો ભગુ થઈ જતા આ તમામ ત્યાંથી જતા રહેલ અને આ મોહસીનભાઈને માથામા વાગેલ હોય કોઈએ ૧૦૮ બોલાવતા ૧૦૮ આવી જતા આ મહોસીનભાઈને હું તથા તેમનો ભાણેજ ખલીલ હબીબાણી તથા તેમનો ભાઈ ઈમરાન પણ આવી જતા દવાખાને લઈ ગયેલ હતા અને સર.ટી.હોસ્પીટલે અમો બંનેની પ્રાથમિક સારવાર કરી રજા આપી દીધેલ અને આ મોહસીનભાઈને માથામા દુખાવો થતો હોય અને ચકકર આવતા હોય જેથી તે તેમના ઘરે જતા રહેલ હતા અને બીજા દિવસે આ મોહસીનભાઈએ બોરતળાવ પોલીસ સ્ટેશનમાં આ બનાવ બાબતે પોલીસ ફરિયાદ કરેલ છે આ બનાવ મારી હાજરીમાં બનેલ છે તેમજ આ બનાવ બન્યા બાદ બીજા દિવસે એટલે કે તા.૦૩–૦૮–૨૦૨૦ ના રોજ મોડી રાત્રીના હું તથા મારી દિકરી અને જમાઈ અમારા ઘરે હાજર હતા તેવામાં હારુનનોભાઈ હનીફ તથા સુનિલ ઉર્ફે સુનિયો તથા સતિષભાઈ ડાયાભાઈ ઢાપા અને રીતેના ફરીથી મારા ઘરે ધોકાઓ લઈને આવેલ અને મારા જમાઈના એકટીવા ગાડી બહાર ફળીયામાં પડેલ હોય તેને નુકસાન કરી અમોને ઘરમાથી બહાર બોલાવી જેમ ફાવે તેમ ગાળો બોલી મને તથા મારા દીકરી જમાઈને આડેધડ ઢીકા પાટુ તથા ધોકાઓ વડે મુંઢ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી

જતા રહેલ હોય જેથી આ બનાવ બાબતે મેં બોરળતાવ પોલીસ સ્ટેશનમા ફરિયાદ આપેલ છે''.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, સાહેદ આરતીબેન બિપીનભાઈ ડાભીનાઓએ તેમના રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, ''ગઈ તા.૦૨–૦૮–૨૦૨૦ ના રાત્રીના સાડા દસેક વાગ્યાના સમયે હું તથા મારા મમ્મી અંજુબેન એ રીતેના અમો અમારા ઘરે હાજર હતા અને અમારા ઘરે અમારા ઓળખીતા મોહસીનભાઈ ભરતખાન રોહીલા તથા તેનો ભાણેજ ખલીલ હબીબાણી આવીને બેસેલ હતા અને તેઓ મારા મમ્મી સાથે વ્યવહારીક વાતચીત કરતા હતા તે દરમ્યાન કુંભારવાડામા રહેતો સુનિલ ઉર્ફે સુનીયો કાંતિભાઈ મકવાણા અમારા ઘર પાસે આવી ગાડી ઉભી રાખી ત્યાં ઉભો રહેતા મારા મમ્મીએ તેને કહેલ કે તું કેમ અમારા ઘરની સામે ઉભો છો તેમ કહેતા આ સુનિલ એકદમ ઉશ્કેરાઈ જઈ મારા મમ્મીને તથા મને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગતા અમારા ઘરે આવેલ મોહસીનભાઈએ તેને ગાળો દેવાની ના પાડતા આ સુનિલ ઉર્ફે સુનિયો તેની મો.સા. લઈ જતો રહેલ અને થોડીવારમાં કુંભારવાડા હાઉસીંગ બોર્ડ ખાતે રહેતો હારૂન અવેશભાઈ મીયાણાને લઈને આવેલ અને તેની સાથે બીજા તેના મિત્રો આકાશ ભુપતભાઈ મકવાણા તથા તૌફીક સૈયદ તથા સતિષ ડાયાભાઈ ધાપા તથા ભુરો ઉર્ફે રામો રહે. તમામ ભાવનગરવાળા જેમાં હારુનના હાથમાં પ્લાસ્ટીકનો પાઈપ તથા સુનિલ ઉર્ફે સુનિયાના હાથમાં લોખંડનો

પાઈપ તથા બાકીના હાથમાં લાકડાના ધોકા લઈ અમારા ઘરની બહાર આવેલ અને આ હારુન અમારા ઘરની અંદર આવી આ મોહસીનભાઈને કહેલ કે આપણે ભાઈજાન કહેવાય તમો બહાર આવો તેમ કહી મહોસીનભાઈને બહાર લઈ ગયેલ અને ત્યાં આ અન્ય બીજા ઉપર જણાવેલ માણસો હાજર હતા તેમાથી આ સુનિલ ઉર્ફે સુનિયાએ મોહસીનભાઈને જેમ ફાવે તેમ ભુંડાબોલી ગાળો દેવા લાગતા આ મોહસીનભાઈએ તેમને ગાળો દેવાની ના પાડતા આ હારુન એકદમ ઉશ્કેરાય ગયેલો અને આ મોહસીનભાઈને ડાબા પગ તથા જમણા પગ ઉપર તેના હાથમા રહેલ પ્લાસ્ટીકના ધોકા વડે માર મારવા લાગેલ આ દરમ્યાન તેના મિત્રો આકાશ, તૌફીક, સુનિલ, સતિષ અને ભુરો ઉર્ફે રામો કે જેઓના હાથમાં લાકડાના ધોકા અને લોખંડના પાઈપ હતા તેનાથી આ મહોસીનભાઈને શરીરે જેમ ફાવે તેમ આડેધડ માર મારવા લાગતા આ દરમ્યાન મોહસીનભાઈના પેન્ટના ખીસ્સામાં રહેલ રોકડ રૂા.૧૦,૦૦૦/- તૌફીકે લૂંટી લીધેલ તેમજ તેમના ગળામાં પહેરેલ સોનાનો ચેઈન હારુને આંચકો મારી ઝુટવી લીધેલ અને આ વખતે મહોસીનભાઈનો ભાણેજ ખલીલ હબીબાણી તથા હું અને મારા મમ્મી વચ્ચે પડતા આ હારુન મીયાણાએ તેના હાથમાં રહેલ પ્લાસ્ટીકના ધોકાનો એક ઘા મારા મમ્મીના જમણા હાથ ઉપર કોણી પાસે મારી દીધેલ અને મારા મને આ સુનિલ ઉર્ફે સુનિયાએ મોઢા ઉપર ધોલ થપાટ મારી દીધેલ અને સુનિલ ઉર્ફે સુનિયો, આકાશ અને ભુરીયો ઉર્ફે રામો તથા હારુન એ રીતેના

મારા મમ્મીને ગાળો બોલતા બોલતા અમારા ઘરમા ઘુસી ગયેલ અને અમારા ઘરમા રહેલ ફ્રીજ અને ટીવી ધોકા વડે નુકસાન કરતા હતા તે દરમ્યાન મારા મમ્મીએ આ તોડફોડ કરવાની ના પાડતા આ હારુને મારા મમ્મીનું બાવડુ પકડી બ્લાઉઝ ફાડી નાખેલ અને મારા મમ્મીની આબરુ લેવાનો પ્રયાસ કરતા તેમણે દેકારો કરવા લાગતા ત્યાં અમારી શેરીમાં ઘણુ માણસો ભગુ થઈ જતા આ તમામ ત્યાંથી જતા રહેલ અને આ મોહસીનભાઈને માથામા વાગેલ હોય કોઈએ ૧૦૮ બોલાવતા ૧૦૮ આવી જતા આ મહોસીનભાઈને મારા મમ્મી તથા મોહસીનભાઈનો ભાણેજ ખલીલ હબીબાણી તથા તેમનો ભાઈ ઈમરાન પણ આવી જતા દવાખાને લઈ ગયેલ હતા અને સર.ટી.હોસ્પીટલે મારા મમ્મી  તથા આ મોહસીનભાઈને સારવાર કરી રજા આપી દીધેલ અને આ મોહસીનભાઈને માથામા દુખાવો થતો હોય અને ચકકર આવતા હોય જેથી તે તેમના ઘરે જતા રહેલ હતા અને મારા મમ્મી અમારા ઘરે આવતા રહેલ અને આ હારુન અને તેમનો પરીવાર અગાઉ પણ અમારી સાથે ઝઘડો કરી ગયેલ હોય તેની બીકના કારણેમારા મમ્મીએ કોઈ ફરિયાદ કરેલ નહી અને બીજા દિવસે આ મોહસીનભાઈએ બોરતળાવ પોલીસ સ્ટેશનમાં આ બનાવ બાબતે પોલીસ ફરિયાદ કરેલ છે, આ બનાવ મારી હાજરીમાં બનેલ છે તેમજ આ બનાવ બન્યા બાદ બીજા દિવસે એટલે કે તા.૦૩–૦૮–૨૦૨૦ ના રોજ મોડી રાત્રીના હું તથા મારા મમ્મી અને મારા પતિમારા મમ્મીના ઘરે હાજર હતા તેવામાં હારુનનો ભાઈ હનીફ તથા સુનિલ ઉર્ફે સુનિયો તથા સતિષભાઈ

ડાયાભાઈ ઢાપા અને રીતેના ફરીથી મારા મમ્મીના ઘરે ધોકાઓ લઈને આવેલ અને મારા પતિના એકટીવા ગાડી બહાર ફળીયામાં પડેલ હોય તેને નુકસાન કરી અમોને ઘરમાથી બહાર બોલાવી જેમ ફાવે તેમ ગાળો બોલી મને તથા મારા પતિને અને મારા મમ્મીને આડેઘડ ઢીકા પાટુ તથા ધોકાઓ વડે મુંઢ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહેલ હોય જેથી આ બનાવ બાબતે મારા મમ્મીએ બોરળતાવ પોલીસ સ્ટેશનમા ફરિયાદ આપેલ છે''.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, સાહેદ બિપીનભાઈ દેવજીભાઈ ડાભીનાઓએ મારા રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, ''ગઈ તા.૨–૮–૨૦૨૦ ના રાત્રીના અગીયારેક વાગ્યા આસપાસ હું મારા ઘરે હાજર હતો તેવામાં મારા પત્નિનો મારા મોબાઈલ ફોનમાં ફોન આવેલ અને મને વાત કરેલ કે, મારા મમ્મીના ઘરે મારા મારી થયેલ છે અને ૧૦૮ માં સર.ટી.હોસ્પીટલ લઈ ગયેલ છે તમે જલદી આવો તેમ વાત કરતા હું મારુ એકટીવા સ્કુટર લઈ મારા સાસરીયા કુંભારવાડા ખાતવાડી ગયેલો અને મેં મારી પત્નિને શું થયેલ તેમ પુછતા મને વાત કરેલ કે, આજરોજ રાત્રીના સાડા દસેક વાગ્યાના સમયે હું તથા મારા મમ્મી અંજુબેન એ રીતેના અમો અમારા ઘરે હાજર હતા અને અમારા ઘરે અમારા ઓળખીતા મોહસીનભાઈ ભરતખાન રોહીલા તથા તેનો ભાણેજ ખલીલ હબીબાણી આવીને બેસેલ હતા અને તેઓ મારા મમ્મી સાથે વ્યવહારીક વાતચીત કરતા હતા તે દરમ્યાન

કુંભારવાડામા રહેતો સુનિલ ઉર્ફે સુનીયો કાંતિભાઈ મકવાણા અમારા ઘર પાસે આવી ગાડી ઉભી રાખી ત્યાં ઉભો રહેતા મારા મમ્મીએ તેને તું કેમ અમારા ઘરની સામે ઉભો છો તેમ કહેતા આ સુનિલ એકદમ ઉશ્કેરાઈ જઈ મારા મમ્મીને તથા મને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગતા અમારા ઘરે આવેલ મોહસીનભાઈએ તેને ગાળો દેવાની ના પાડતા આ સુનિલ ઉર્ફે સુનિયો તેની મો.સા. લઈ જતો રહેલ અને થોડીવારમાં કુંભારવાડા હાઉસીંગ બોર્ડ ખાતે રહેતો હારૂન અવેશભાઈ મીયાણાને લઈને આવેલ અને તેની સાથે બીજા તેના મિત્રો આકાશ ભુપતભાઈ મકવાણા તથા તૌફીક સૈયદ તથા સતિષ ડાયાભાઈ ધાપા તથા ભુરો ઉર્ફે રામો રહે. તમામ ભાવનગરવાળા જેમાં હારુનના હાથમાં પ્લાસ્ટીકનો પાઈપ તથા સુનિલ ઉર્ફે સુનિયાના હાથમાં લોખંડનો પાઈપ તથા બાકીના હાથમાં લાકડાના ધોકા લઈ અમારા ઘરની બહાર આવેલ અને આ હારુન અમારા ઘરની અંદર આવી આ મોહસીનભાઈને કહેલ કે આપણે ભાઈજાન કહેવાય તમો બહાર આવો તેમ કહી મહોસીનભાઈને બહાર લઈ ગયેલ અને ત્યાં અન્ય બીજા ઉપર જણાવેલ માણસો હાજર હતા તેમાથી આ સુનિલ ઉર્ફે સુનિયાએ મોહસીનભાઈને જેમ ફાવે તેમ ભુંડાબોલી ગાળો દેવા લાગતા આ મોહસીનભાઈએ તેમને ગાળો દેવાની ના પાડતા આ હારુન એકદમ ઉશ્કેરાય ગયેલો અને આ મોહસીનભાઈને ડાબા પગ તથા જમણા પગ ઉપર તેના હાથમા રહેલ પ્લાસ્ટીકના ધોકા વડે માર મારવા લાગેલ આ દરમ્યાન તેના મિત્રો આકાશ,

તૌફીક, સુનિલ, સતિષ અને ભુરો ઉર્ફે રામો કે જેઓના હાથમાં લાકડાના ધોકા અને લોખંડના પાઈપ હતા તેનાથી આ મહોસીનભાઈને શરીરે જેમ ફાવે તેમ આડેધડ માર મારવા લાગતા આ દરમ્યાન મોહસીનભાઈના પેન્ટના ખીસ્સામાં રહેલ રોકડ રૂા.૧૦,૦૦૦/- તૌફીકે લૂંટી લીધેલ તેમજ તેમના ગળામાં પહેરેલ સોનાનો ચેઈન હારુને આંચકો મારી ઝુટવી લીધેલ અને આ વખતે મહોસીનભાઈનો ભાણેજ ખલીલ હબીબાણી તથા હું અને મારા મમ્મી વચ્ચે પડતા આ હારુન મીયાણાએ તેના હાથમાં રહેલ પ્લાસ્ટીકના ધોકાનો એક ઘા મારા મમ્મીના જમણા હાથ ઉપર કોણી પાસે મારી દીધેલ અને મને આ સુનિલ ઉર્ફે સુનિયાએ મોઢા ઉપર ઘોલ થપાટ મારી દીધેલ અને સુનિલ ઉર્ફે સુનિયો, આકાશ અને ભુરીયો ઉર્ફે રામો તથા હારુન એ રીતેના મારા મમ્મીને ગાળો બોલતા બોલતા અમારા ઘરમા ઘુસી ગયેલ અને અમારા ઘરમા રહેલ ફ્રીજ અને ટીવીને ધોકા વડે નુકસાન કરતા હતા તે દરમ્યાન મારા મમ્મીએ આ તોડફોડ કરવાની ના પાડતા આ હારુને મારા મમ્મીનું બાવડુ પકડી બ્લાઉઝ ફાડી નાખેલ અને મારા મમ્મીની આબરુ લેવાનો પ્રયાસ કરતા તેમણે દેકારો કરવા લાગતા ત્યાં અમારી શેરીમાં ઘણુ માણસો ભગુ થઈ જતા આ તમામ ત્યાંથી જતા રહેલ અને આ મોહસીનભાઈને માથામા વાગેલ હોય કોઈએ ૧૦૮ બોલાવતા ૧૦૮ આવી જતા આ મહોસીનભાઈને મારા મમ્મી તથા મોહસીનભાઈનો ભાણેજ ખલીલ હબીબાણી તથા તેમનો ભાઈ ઈમરાન દવાખાને લઈ ગયેલ છે તેવી વાત મારા

પત્નિએ મને કરેલ અને મેં ઘરમા જોતા ટીવી તથા ફ્રીજને નુકસાન થયેલ હતુ અને મોડીરાતના મારા સાસુ સર.ટી.હોસ્પીટલ સારવાર કરાવી પરત ઘરે આવતા રહેલ અને હું પણ મારા સાસરીયામાં જ સુઇ ગયેલો અને બીજા દિવસે એટલે કે તા.૦૩–૦૮–૨૦૨૦ ના રોજ મોડી રાત્રીના હું તથા મારા સાસુ અને મારા પત્નિ મારા સાસરીયામા ઘરે હાજર હતા તેવામાં હારુનનો ભાઈ હનીફ તથા સુનિલ ઉર્ફે સુનિયો તથા સતિષભાઈ ડાયાભાઈ ઢાપા એ રીતેના ફરીથી મારા સાસુના ઘરે ધોકાઓ લઈને આવેલ અને મારુ એકટીવા ફળીયામાં પડેલ હોય તેને આડેધડ ધોકાઓ વડે નુકસાન કરી અમોને ઘરમાથી બહાર બોલાવી જેમ ફાવે તેમ ગાળો બોલી મને તથા મારા પત્નિને અને મારા સાસુને આડેધડ ઢીકા પાટુ તથા ધોકાઓ વડે મુંઢ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહેલ હોય જેથી આ બનાવ બાબતે મારા સાસુએ બોરળતાવ પોલીસ સ્ ટેશનમા ફરિયાદ આપેલ છે તેમજ આગલા દિવસે જે બનાવ બનેલ તે બાબતે મહોસીનભાઈ રોહીલાએ પણ બોરતળાવ પોલીસ સ્ ટેશનમા ફરિયાદ કરેલ છે''.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, સાહેદ ધીરાભાઈ હરજીભાઈ સોલંકીનાઓએ મારા રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, ''ગઈ તા.૦૨–૦૮–૨૦૨૦ ના રાત્રીના સાડા દસેક વાગ્યા આસપાસ હું મારા ઘરે હાજર હતો તેવામાં મારા કુંટુંબી બહેન અંજુબેનના ઘર પાસે ઝઘડો અને મોટે મોટેથી ગાળાગાળીનો અવાજ આવતા હું તરત જ ત્યા ગયેલો અને જોયેલ તો કુંભારવાડા માઢીયા

રોડમા રહેતો સુનિલ ઉર્ફે સુનિયો કાંતિભાઈ મકવાણા મારા બહેન સાથે જેમ ફાવે તેમ ગાળો બોલતો હતો અને ત્યાં હાજર મહોસીનભાઈએ તેને ગાળો દેવાની ના પાડતા તે ત્યાંથી મોટરસાયકલ લઈ જતો રહેલ જેથી હું પણ મારા ઘરે આવી સૂઈ ગયેલો અને થોડીવાર પછી ફરી વખત મારા બહેનના ઘર પાસે ઝઘડો થતો હોય હું ત્યાં જતા કુંભારવાડા હાઉસીંગ બોર્ડ ખાતે રહેતો હારૂન અવેશભાઈ મીયાણા તથા આકાશ ભુપતભાઈ મકવાણા તથા તૌફીક સૈયદ તથા સતિષ ડાચાભાઈ ધાપા તથા ભુરો ઉર્ફે રામો રહે.તમામ ભાવનગરવાળા તેમના હાથમાં લાકડાના ધોકા, પાઈપ સાથે અંજુબનેનના ઘર બહાર મહોસીનભાઈને માર મારતા હતા અને મહોસીનભાઈના પેન્ટના ખીસ્સામાં રહેલ રોકડા રૂા.૧૦,૦૦૦/– તથા ગળામા પહેરેલ સોનાનો ચેઈન આ લોકોએ લૂંટી લીધેલ આ વખતે મારા બહેન વચ્ચે પડતા આ હારૂન મીયાણાએ તેને પણ માર મારેલ અને તેઓ મારા બહેનના ઘરમા ઘુસી ગયેલ અને ફ્રીજ અને ટીવીને ધોકા વડે નુકસાન કરેલ તેમજ મારા બહેનનું બાવડુ પકડી બ્લાઉઝ ફાડી નાખેલ અને તેની આબરુ લેવાનો પ્રયાસ કરતા તે દેકારો કરવા લાગતા અમે તેને બચાવેલ અને શેરીમાં વધુ માણસો ભેગુ થઈ જતા આ તમામ ત્યાથી જતા રહેલ અને આ મહોસીનભાઈને માથામાં વાગેલ હોય કોઈએ ૧૦૮ ને બોલાવતા ૧૦૮ આવી જતા આ મહોસીનભાઈને દવાખાને લઈ ગયેલ હતા તેમજ બીજા દિવસે એટલે કે તા.૩–૮–ર૦ર૦ ના રોજ આવી જતા રક્ષાબંધનના તહેવાર હોય મોડી રાત્રીના હું મારા

ઘરે હાજર હતો તેવામાં ફરીથી મારા બહેનના ઘર પાસે ઝઘડો થતા હું ત્યા ગયેલ આ વખતે હારૂનભાઈનો ભાઈ હનીફ, તથા સુનિલ ઉર્ફે સુનીયો તથા સતિષભાઈ ડાયાભાઈ ઢાપા એ રીતેના ફરીથી મારા બહેનના ઘરે ધોકાઓ લઈને અને તેના દિકરી જમાઈને જમે ફાવે તેમ ગાળો બોલી આડેધડ ઢીકાપાટુ તથા ધોકાઓ વડે મુંઢ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહેલ હતા આ બનાવ બાબતે મારા બહેન અંજુબેને બોરતળાવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ છે તેમજ આગલા દિવસે જે બનાવ બનેલ તે બાબતે મહોસીનભાઈ રોહીલાએ પણ બોરતળાવ પોલીસ સ્ટેશનમા ફરિયાદ કરેલ છે''.

આ સાહેદની બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ કબુલ રાખે છે કે, ફરિયાદ મુજબ તા.૦ર–૮–ર૦ર૦ ના રોજ બનાવ બનેલો અને તેની ફરિયાદ તા.૪–૮–ર૦ર૦ ના રોજ આપવામાં આવેલી. ફરિયાદ મુજબ ફરિયાદીએ દવાખાનામા સારવાર લીધેલી તેવી હકીકત ખુલતી હતી. તેઓ કબુલ રાખે છે કે ફરિયાદીએ ફરિયાદ મોડી કરવાનો ખુલાસો ફરિયાદમાં જણાવેલો નહી.

આમ, ઉપરોકત તપાસ કરનાર અમલદારનો પુરાવો ઘ્યાને લેતા તેઓએ તેમની તપાસ દરમ્યાન કરેલ કામગીરીને સમર્થનકારી પુરાવો આપેલ છે.

ર૧. આ કામે આરોપીઓ વિરુઘ્ઘ આક્ષેપિત ગુના સબંધે હાલના બનાવની ફરિયાદ આપનાર ફરિયાદી મહોસીનખાન ભરતખાન

રોહીલાની **આંક ૧૩** થી રજુ થયેલ ફરિયાદ સાથે તેમનો **આંક ૧૨** થી રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા તેમણે પોતાના સરતપાસના પુરાવા દરમ્યાન પોતાની ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને બનાવ બાબતે એવુ જણાવેલ છે કે, અંદરોઅંદર બૈરાઓને ધકકામુકકી થયેલી અને તેઓ પડી ગયેલ તેથી તેમને વાગેલુ. આ સિવાય બીજા કોઈને વાગેલુ નહીં. તેથી આ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ પુરાવામાં આરોપીઓ પૈકી હારૂનભાઈ અને સુનીલભાઈને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે પરંતુ તેમણે કોઈના હાથમાં હથિયાર જોયેલ હોય તેવુ બનેલ નથી તેવુ જણાવેલ છે. વધુમાં આ સાહેદને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદની જુબાનીમાં તેમણે પોતાની ફરિયાદ હકીકતને કેટલેક અંશે સમર્થન કરેલ છે, પરંતુ મુદ્દામાલ ઓળખી શકે નહિ તેવુ પણ જણાવે છે.

ત્યારબાદ બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસ દરમ્યાન તેમણે પોલીસ સ્ટેશનમા બૈરાઓએ જે ફરિયાદ લખાવેલી તેમા તેમણે ફકત સહી કરેલી તેમજ હાલના આરોપીઓ પાસે કોઈ હથિયાર હોય અને તેના વડે તેમને ઈજા કરેલ હોય તેવુ બનેલ નથી. હાલના આરોપીઓમાંથી કોઈએ તેમની પાસે રોકડા રૂપિયા લઈ લીધા હોય તેવુ બનેલ નથી. હાલના આરોપીઓ પૈકી તેમની સાથે ગાળાગાળી કરેલ હોય અને ઝઘડો કરેલ હોય તેવુ પણ બનેલ નથી તેમજ ટોળુ ભેગુ થતા તેઓ બૈરાઓને સમજાવવા વચ્ચે પડેલ તે દરમ્યાન ધકકામુકકી થતા તેઓ નીચે પડી ગયેલ અને તેમને ઈજા થયેલી

અને ડોકટરને તેમણે પડી જવાથી ઈજા થયેલી છે તેવુ લખાવેલાનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે ત્યારે ફરિયાદ હકીકત નિ:શંકપણે સાબિત થતી નથી.

ઉપરોકત હકીકતે ફરિયાદીની સર ટી.હોસ્પીટલ, ભાવનગર ખાતે સારવાર કરનાર મેડીકલ ઓફીસર ડો.ફસીહા મજીદભાઈ આકબાણીનો આંક ૨૨ થી રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતા તેમની રુબરુ ફરિયાદી મોહસીનખાને હિસ્ટ્રીમાં નવ અજાણ્યા વ્યકિતએ નારી રોડ પાસે કલાક ૧૧ વાગ્યા આસપાસ પાઈપ વડે મારેલાનું જણાવેલ છે. આમ, ફરિયાદીએ તેમની સારવાર કરનાર ડોકટર સમક્ષ હિસ્ટ્રીમાં તેમને ઈજા કરનાર તરીકે આ કામના આરોપીઓના જાહેર કરેલા નથી, પરંતુ અજાણ્યા વ્યકિતએ તેમને પાઈપ વડે મારેલાનું જણાવેલ છે ત્યારે હાલના આરોપીઓને તેમની સામેના આક્ષેપિત ગુના સાથે સાંકળી તકસીરવાન ઠરાવી શકાય નહિ. વધુમાં આ ડોકટર સાહેદે ફરિયાદીને થયેલ ઈજાઓ બોથડ પદાર્થ સાથે અથડાય અથવા પડી જાય તો પણ સંભવી શકે તેવી હકીકતનો સ્વીકાર કરેલ છે ત્યારે પણ ફરિયાદીને આરોપીઓએ પાઈપ વડે ઈજા કરેલાનું નિ:શંકપણે સાબિત માની શકાય નહિ.

૨૨. આરોપીઓ વિરુધ્ધ આક્ષેપિત ગુના સબંધે અન્ય મહત્વના સાહેદ એટલે કે ભોગ બનનાર અંજુબેન લક્ષ્મણભાઈ ચૌહાણનો આંક ૨૫ થી રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતા તેમણે પણ ફરિયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન નહિ કરતા એવુ જણાવેલ છે કે,

બનાવ સમયે તેઓના ઘર પાસે દેકારો થતાં તેણી ત્યાં જોવા ગયેલ તો ધકકા મુકકી થતાં તેણી પડી જતા તેણીને વાગેલુ, આ સિવાય કશું બનેલ નથી. આમ, ફરિયાદીએ પોતાના પુરાવા દરમ્યાન અંદરોઅંદર બૈરાઓને ધકકામુકકી થયેલી અને તેઓ પડી ગયેલ તેથી તેમને વાગેલાની હકીકત જેવી જ હકીકત આ સાહેદે પણ જણાવેલ હોય આ સાહેદના પુરાવાથી પણ આરોપીઓ વિરુધ્ધ આક્ષેપિત ગુનો નિ:શંકપણે પુરવાર થતો નથી.

ઉપરોકત હકીકતે આ સાહેદની દીકરી એટલે કે સાહેદ આરતીબેન બીપીનભાઈ ડાભીનો આંક ૨૬ થી રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતા તેમણે પણ બનાવ બાબતે એવુ જણાવેલ છે કે, બનાવ સમયે તેઓના ઘર પાસે દેકારો થતાં તેણી ત્યાં જોવા ગયેલ તો ધકકા મુકકી થતાં તેણીને વાગેલુ, આ સિવાય કશું બનેલ નથી. આમ, આ સાહેદના પુરાવાથી પણ બનાવ સમયે ધકકા મુકકી થતા તેણીને વાગેલ હતું તેટલી જ હકીકત પ્રસ્થાપિત થાય છે. આમ, આ સાહેદના પુરાવાથી પણ આ કામના આરોપીઓ વિરુધ્ધ આક્ષેપિત ગુનો નિ:શંકપણે સાબિત થતો નથી.

ઉપરોકત હકીકતે સાહેદ બીપીનભાઈ દેવજીભાઈ ડાભી કે જેઓ ઉપરોકત સાહેદ આરતીબેનના પતિ થાય છે તેમનો આંક ૨૮ થી રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતા તેઓ બનાવ સમયે પોતાના ધંધાના સ્થળે હાજર હોય તેઓ બનાવ વિશે કશું જાણતા નથી તેવુ જણાવેલ છે તે સંજોગોમાં આ સાહેદને બનાવ વિશે કોઈ અંગત જાતમાહિતી હોવાનું પ્રસ્થાપિત થતું નથી. જેથી  આ સાહેદના

પુરાવાથી પણ આ કામના આરોપીઓ વિરુધ્ધ આક્ષેપિત ગુનો નિ:શંકપણે સાબિત થતો નથી.

તેજ રીત સાહેદ ધીરાભાઈ હરજીભાઈ સોલંકીનો આંક ૩૦ થી રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતા તેઓ રાત્રીના સમયે પોતાના ઘરે હોય તે સમયે તેમના બેનના ઘર પાસે ઝઘડો થયેલ હોય અને તેઓ ત્યાં ગયેલ હોય અને તેમણે બનાવ નજરે જોયેલ હોય તેવુ બનેલ નથી તેમ જણાવી ફરિયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ ન હોય આ સાહેદના પુરાવાથી પણ આરોપીઓ વિરુધ્ધ આક્ષેપિત ગુનો નિ:શંકપણે પુરવાર થતો નથી.

૨૩. વધુમાં આ કામના તપાસ કરનાર અમલદારનો આંક ૩૫ થી રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતા તેમણે આરોપીઓની કોઈ ઓળખપરેડ કરાવેલ હોય તેવુ ફલીત થતું નથી. વધુમાં આ સાહેદની જુબાનીને ખુદ ભોગ બનનાર સાહેદોની જુબાનીથી લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થતું નથી, વધુમાં આ કામે તપાસ કરનાર અમલદાર ધ્વારા કરવામાં આવેલ તમામ પંચનામાના પંચ સાહેદોએ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી તે સજોગોમાં તપાસ કરનાર અમલદારના એકમાત્ર પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને તેમની સામેના આક્ષેપો સાથે સાંકળી તકસીરવાન ઠરાવી શકાય નહિ. વધુમાં આ કામે ખુદ ભોગ બનનાર સાહેદ ફરિયાદી મહોસીનખાન તથા સાહેદ અંજુબેને પોતાના અનુક્રમે આંક ૧૨ તથા ૨૫ ના પુરાવા દરમ્યાન ફરિયાદીના પેન્ટના ખિસ્સામાં રહેલ રોકડ રકમ રૂા.૧૦,૦૦૦/–

આરોપી નં.૩ નાંએ લૂંટી લીધેલ હોય કે ફરિયાદીએ પોતાના ગળામાં પહેરેલ સોનાનો ચેઈન આરોપી નં.૧ નાંએ ઝુંટવી લીધેલ હોય તેમજ આરોપી નં.૧,૨,૪,૫ નાંઓએ સાહેદ અંજુબેનના ઘરમાં ઘુસી ટીવી, ફ્રીજને નુકસાન કરેલ હોય કે સાહેદ અંજુબેનની લાજ લેવાના આરોપી નં.૧ નાંએ તેના ઉપર હુમલો કરી, હાથ ઉપર ઈજા કરી તેનું બ્લાઉઝ ફાડી નાખી તેની આબરુ લેવાની પ્રયાસ કરેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપી સદર ગુનામાં એકબીજાને મદદગારી કરેલ હોય તેવી કોઈ હકીકત જાહેર કરેલ નથી ત્યારે પણ આરોપીઓ વિરુધ્ધ આક્ષેપિત ગુનો નિ:શંકપણે પુરવાર થતો નથી.

૨૪. આમ, રેકર્ડ પર રજૂ થયેલ સમગ્ર પુરાવા પરથી તા.૨/૮/૨૦૨૦ ના કલાક ૨૨:૩૦ દરમ્યાન આ કામના ફરિયાદી મોહસીન ભરતખાન રોહીલા તથા સાહેદ ખલીલ હબીબાણી સાહેદ અંજુબેનના ઘરે બેસેલ હતા દરમ્યાન આરોપી નં.૨ નાંએ સાહેદ અંજુબેનના ઘર પાસે મોટરસાઈકલ ઉભુ રાખતા સાહેદ અંજુબેને અહીં ગાડી કેમ ઉભી રાખી છે તેમ ઠપકો આપતા આરોપી નં.૨ નાંઓ ઉશ્કેરાઈ જઈ સાહેદ અંજુબેન તથા તેની દીકરી આરતીબેનને ગાળો આપી જતા રહેલ. બાદ આરોપી નં.૧ થી ૬ નાંઓએ ભેગા મળી હથિયારો સાથે સાહેદ અંજુબેનના ઘરે આવી જેમફાવે તેમ ભુંડાબોલી ગાળો દેવા લાગેલ, જેથી ફરિયાદીએ આરોપીઓને ગાળો દેવાની ના પાડતા આરોપી નં.૧ નાંએ એકદમ ઉશ્કેરાઈ જઈ ફરિયાદીના ડાબા તથા જમણા પગ ઉપર પ્લાસ્ટીકના ધોકા વતી

માર મારી તેમજ આરોપી નં.૪ નાંએ પોતાના હાથમાં રહેલ લાકડાના ધોકા વડે ફરિયાદીને પીઠના ભાગે મારી તેમજ આરોપી નં.૩ નાંએ પોતાના હાથમાં રહેલ લાકડાના ધોકાનો એક ઘા ફરિયાદીના માથાના ભાગે મારી તેમજ આરોપી નં.૨ નાંએ ફરિયાદીને બંને હાથ ઉપર આડેધડ લોખંડના પાઈપ વતી માર મારી, આ મારામારી દરમ્યાન ફરિયાદીના પેન્ટના ખિસ્સામાં રહેલ રોકડ રૂા.૧૦,૦૦૦/- આરોપી નં.૩ નાંએ લૂંટી લીધેલ તેમજ ફરિયાદીએ ગળામાં પહેરેલ સોનાનો ચેઈન આશરે એકાદ તોલાનો આરોપી નં.૧ નાંએ ઝુંટવી લીધેલ તેમજ આરોપી નં.૪ થી ૬ નાંએ ફરિયાદીને જેમફાવે તેમ લાકડાના ધોકાઓ વડે માર મારી તેમજ આરોપી નં.૧,૨,૪,૫ નાંએ સાહેદ અંજુબેનનાં ઘરમાં ઘુસી ટીવી, ફ્રીજને નુકસાન કરી તેમજ આરોપી નં.૧ નાંએ સાહેદ અંજુબેનની લાજ લેવાના ઈરાદે તેના ઉપર હુમલો કરી હાથ ઉપર ઈજા કરી તેનું બ્લાઉઝ ફાડી નાખી તેની આબરુ લેવાનો પ્રયાસ કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી, આરોપીઓએ સદર ગુનામાં એકબીજાને મદદગારી કરેલાનું ફરિયાદ પક્ષ નિ:શંકપણે સાબીત કરી શકેલ ના હોય **મુદ્દા નં.૧** નો જવાબ **નકારમાં** ઠરાવી **મુદ્દા નં.૨** સબંધે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**-: હુકમ :-**

૧. ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫(૧) અન્વયે આ કામના આરોપીઓ **(૧) હારુનભાઈ અવેશભાઈ કટીયા/મિયાણા (૨) સુનીલભાઈ ઉર્ફે સુનીયો કાંતીભાઈ મકવાણા/કોળી (૩) તૌફીક અફઝલભાઈ સૈયદ/કાદરી (૪) આકાશભાઈ ભુપતભાઈ**

**મકવાણા/કોળી (૫) મેહુલ ઉર્ફે રામો ઉર્ફે ભુરો ભોળાભાઈ પરમાર/કોળી (૬) સતીષભાઈ ડાયાભાઈ ઢાપા/કોળી નાંઓને** તેમની સામેના ભારતીય દંડ સંહિતાની કલમ ૩૯૫, ૩૨૩, ૨૯૪(ખ), ૩૫૪, ૪૨૭, ૪૫૨, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭(એ) ની જોગવાઈઓ અને શરતો મુજબ પ્રત્યેક આરોપીએ રૂ.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) નો જાતમુચરકો તથા તેટલી જ રકમના જામીન આજની તારીખથી છ મહિનાના સમયગાળા માટે આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામે કબજે કરવામા આવેલ જીઓ કંપનીના મોબાઈલ સંબંધે અગાઉ કરવામાં આવેલ વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે તેમજ આ કામે કબજે કરવામાં આવેલ સેમસંગ કંપનીનો મોબાઈલ, એમ.આઈ. કંપનીનો મોબાઈલ તથા રોકડ રૂા.૯,૪૫૦/- સંબંધે નીચેની અદાલતે તેના માલિકીપણાની ખરાઈ કરી અપીલ સમય વીત્યા બાદ, જો અપીલ થયેલ ન હોય તો તેના ખરા માલિકને સોંપી આપવો, જ્યારે બાકીનો તમામ મુદ્દામાલ બીનકિંમતી હોય બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ, અપીલ થયેલ ન હોય તો નાશ કરવો.

હુકમ આજ તા.૦૬, માહે જુલાઈ, સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ભાવનગર.
તા.૦૬/૦૭/૨૦૨૩

**(લીયાકતહુસૈન શમસુદ્દીન પીરઝાદા)**
સત્ર ન્યાયાધીશ,
ભાવનગર.
કોડ નં.જીજે૦૦૯૧૪

*-ynk*